## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, અમે કહેવા જાઇએ છીએ કે આપનો મત અમને આપો... તેમાં "આપ" નો પ્રચાર થઇ જાય છે... તો બીજુ કાંઇ વિચારો...!!

# સેકટર-૧૬-૨૩ કટ પાસે બાઈકની ટક્કરે જયુપીટર ચાલક વડીલનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૬

શહેરના ઘ-૫ થી ગ-૫ તરફ જવાના માર્ગ પર સેકટર-૧૬-૨૩ ના કટ પાસે બાઈક-જયુપીટર વચ્ચે અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત વડીલનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ હતું. જયારે વયોવૃધ્ધ મહિલાને પગમાં ફ્રેકચર થતા ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ગઈકાલે બપોરના ચાર વાગ્યાના અરસામાં વડીલ દંપતિ ઘરે જઈ રહ્યા હતા તે સમયે બાઈક ચાલક યુવક અથડાતા ગંભીર ઈજાને પગલે અમદાવાદ સિવિલ ખાતે વડીલનું મૃત્યુ નિપજય હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વડોદરા સી-૬૫ ગુણાતીત ધામ સોસાયટી ખાતે રહેતા નીરજ ઈન્દ્રવદનભાઈ રાવ બરોડા મહાનગર પાલિકામાં હેડ કલાર્ક તરીકે ફરજ બજાવે છે. જયારે તેમના માતા-પિતા સેકટર-૧૩ બી પ્લોટ નં. ૯૪૩-૧ ખાતે રહે છે. ગઈકાલે નીરજભાઈ વડોદરા ઓફિસ ખાતે હાજર હતા તે સમયે તેમના માતા રમીલાબેનને તેઓને જણાવ્યું કે હું તેમજ તારા પિતા બંન્ને જણા સેકટર-૨૨ ખાતે મામાને મળવા માટે ગયા હતા.

ત્યારબાદ સાંજના ચાર વાગ્યાના અરસામાં જયુપીટર નં. જી.જે. ૦૧.એફ. વાય.-૦૪૬૧ ઘરે પરત જઈ રહ્યા હતા. તે સમયે સેકટર-૨૩ ગુરુકુલ થઈ સેકટર-૧૬-૨૩ ના કટ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે અચાનક એક બાઈક ચાલક યુવકે પોતાની બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી જયુપીટરને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. બંન્ને વડીલ રોડ પર પટકાયા હતા. જેમાં ફરીયાદીના પિતાને માથાના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચી હતી.

જયારે તેઓના માતાને જમણા પગે ફ્રેકચરનું નિદાન થયુ હતું. જયારે નીરજભાઈના પિતાને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા.જયાં સાંજના સાડાસાત વાગ્યાના અરસામાં સારવાર દરમિયાન તેમના પિતાજીનું અવસાન થયુ હતું. જયારે અકસ્માત સર્જનાર વ્યકિત તેનુ બાઈક નં. જી.જે.૨૭.ડી.ઈ.-૦૫૩૮ પાસે ઉભો હતો.જયારે નીરજભાઈને માતાએ ફોન કરતા તેઓ તાત્કાલીક અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- આજે રજા હોવા છતાં ચૂંટણીની તૈયારીઓને લઈ જિલ્લાની કચેરીઓચાલુરહીહતી.
- ગાંધીનગર (ઉ)માં આજે પોલીસ કર્મયોગીઓનું મતદાન યોજાયું હતું.
- ઈ.વી.એમ. કમિશનીંગની કામગીરી આજે સંપન્ન થઈ જવા પામી છે.
- ગાંધીનગર જિલ્લામાં આચારસંહિતા ભંગની ૩૯ જેટલી ફરિયાદો સી વીજીસ એપ પર મળી છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્ટેટીક સર્વેલન્સ ટીમો દ્વારા ૨૯,૮૮૩ જેટલા વાહનોની ચકાસણી કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે પણ એકેય કેસ નોંધાયો નથી.
- સે. ૨૩ સ્થિત એમ.બી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી.
- છોત્તેર ગોળ ગુરૂ બ્રાહ્મણ સમાજ સેવા મંડળ દ્વારા સ્નેહમિલન યોજાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં ગરમ કપડાંના વેચાણમાં વધારો જોવા મળ્યો.
- આજે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ વાવોલમાં જ પ્રચાર કર્યો હતો.
- ગાંધીનગર અમદાવાદ વચ્ચેની એસ.ટી. સેવાઓ નિયમિત બને તેવી લોકોની માંગ વધી રહી છે.

## વિસનગરની બસમાં પુત્રવધુને બેસાડવા જતા નિવૃત શિક્ષકનો મોબાઈલ ચોરાયો

### શહેરના ડેપોમાં ફરીવાર મોબાઈલ ચોર ટોળકી સક્રિય

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના એસટી ડેપો ખાતે ફરીવાર મોબાઈલ ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ગઈકાલે સાંજના સુમારે વિસનગરની બસમાં પુત્રવધુને બેસાડવા માટે આવેલા વડીલના ખીસ્સામાંથી આંખના પલકારામાં મોબાઈલ ગાયબ થઈ ગયો હતો. બનાવ અંગે વડીલે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૮ હજારના મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧૩ બી પ્લોટ નં.૯૯૪-૧ ખાતે રહેતા નિવૃત શિક્ષક મૌલેશકુમાર મધુસુદન ત્રિવેદી પરિવાર સાથે રહ છે અને નિવૃત જીવન પસાર કરે છે. બે વર્ષ પહેલા તેઓએ એમઆઈ કંપનીના મોબાઈલ ફોનની ખરીદી કરી હતી. ગઈકાલે સાંજના સમયે તેઓ ગાડી લઈને પુત્રવધુને વિસનગર જવાનું હોવાથી એસટી ડેપો ખાતે મુકવા માટે આવ્યા હતા. સાંજના ૭ વાગ્યાના અરસામાં અમદાવાદ વડનગર બસમાં પુત્રવધુને બસમાં બેસાડવા જતા મુસાફરો વચ્ચે ધક્કામુકીના દ્રશ્યો સર્જાયા હતા. આ સમયે વડીલના શર્ટના ખીસ્સામાંથી મોબાઈલની ચોરી થવા પામી હતી. જયારે પુત્રવધુને સીટમાં બેસાડી નીચે ઉતરીને ખીસ્સામાં જોયુ તો મોબાઈલ ચોરી થઈ ગયો હતો. વડીલે હાજર નાગરીકોને મોબાઈલ અંગે પુછપરછ કરી હતી.પરંતુ મોબાઈલ મળી આવ્યો ન હતો. ગાંધીનગર શહેરમાં ફરીવાર મોબાઈલ-પાકીટ ચોર ટોળકી સક્રિય થઈ તેમ લાગી રહ્યું છે. થોડા સમય પહેલા એસટી ડેપો ખાતે ચોર શખ્સોએ તરખાટ મચાવ્યો હતો. શહેરમાં આંતરે દિવસે મોબાઈલ ચોરી તેમજ પાકીટ ચોરીની ઘટનાઓ સામે આવતી હતી.

## દોઢ વર્ષથી દારૂના ૮ ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો




ગાંધીનગરના ચિલોડા તેમજ ડભોડા પોલીસ મથક ખાતે દારૂની હેરાફેરીના કુલ -૮ ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપી રઘુનાથસિંહ ઉર્ફે રવિ રોડસીંગ રાઠોડને પોલીસે ચંદ્રાલા વાહન ચેકીંગ દરમિયાન મુસાફરો ભરેલા વાહનમાંથી પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પરિણિતાએ પતિ સહિત સાસરીયાઓ સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨૬

અમદાવાદ સીટીએમ વિસ્તારમાં રહેતા રંગીન મિજાજના પતિએ હું વકીલ છુ તું મારુ કશું બગાડી નહીં શકે તેમ કહી પત્નીને દહેજ માટે શારીરીક માનસિક ત્રાસ આપી હદ વટાવી દેતા પરિણિતાએ આખરે કંટાળીને પતિ, સાસુ-સસરા અને દિયર સામે મહિલા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૪ ખાતે પિયરમાં રહેતી પરિણિતાના લગ્ન ડિસેમ્બર-૨૦૦૯ માં અમદાવાદ ખાતે રહેતા વકીલ સાથે થયા હતા. લગ્નજીવનથી પરિણિતાને ત્રણ સંતાન છે. લગ્નના પ્રારંભિક જીવનથી જ પરિણિતાને પતિને અન્ય મહિલા સાથે સંબંધ હોવાની જાણ થઈ હતી. જેથી પરિણિતાને તેનો પતિ સારી રીતે રાખતો ન હતો. જો કે સંસાર બગડે નહી તે માટે પરિણિતા બધુ સહન કરતી રહી. જયારે પરિણિતાને સાસુ-સસરા પિયરમાંથી લઈને ગયેલા દાગીના માંગીને માનસિક ટોર્ચર કરતા હતા.પરંતુ તેણી મન પર ખાસ લેતી ન હતી. આ દરમિયાન પતિને દેવુ થઈ જતા સાસરીપક્ષના સભ્યો દાગીના વેચી મારવાનું કહેતા હતા.

જેથી પરિણિતાએ દાગીના વેચવાની ના પાડી તેના ભાઈને વાત કરી હતી. ત્યારબાદ પરિણિતાના ભાઈએ રૂ.૨ લાખ ચેકથી આપ્યા હતા. જેથી થોડાક સમય ઘર સંસાર સારો ચાલ્યો હતો. પરંતુ પતિ ફોન પર સતત વ્યસ્ત રહેતા તેણીને અન્ય સ્ત્રી સાથેના સંબંધનો ભાંડો ફુટી ગયો હતો.આ અંગે કહેતા પરિણિતાને તેનો પતિ મારઝુડ કરી અપશબ્દો બોલતો હતો.જયારે સાસુ-સસરા અને દિયર રંગીન મિજાજના પતિનું ઉપરાણું લઈ ત્રાસ આપતા હતા. આટલુ સહન કર્યા પછી પતિને સુધરી જવાનું કહેતા હું કહુ તેમ કરવાનું હું વકીલ છુ તુ મારૂ કંઈ નહી બગાડી શકે તેમ કહી ગમે તેમ બોલતો હતો. બીજા દિવસે પણ સાસરીયાઓએ ઝઘડો કર્યો હતો. તે સમયે પતિ એકદમ ઉશ્કેરાઈ જઈને પરિણિતાનું ગળુ પકડી લીધુ હતું અને મારામારી કરી હતી. જેથી કંટાળી પરિણિતા પિયરમાં રહેવા માટે આવી ગઈ છે. પરિણિતાએ પતિ, સાસુ-સસરા અને દિયર સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ સેકટર-૧૬ પોલીસ મથકે નોંધાવી છે.

## ચોરીના ગુનામાં ૧૦ વર્ષથી નાસતો - ફરતો આરોપી ઝડપાયો



ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદના બોપલ પોલીસ મથક વિસ્તારમાં ચોરીના ગુનામાં છેલ્લા ૧૦ વર્ષથી નાસતા ફરતા આરોપી કર્મવીર ઉર્ફે પીન્ટુ પ્રેમચંદ લબાના (ઉં.૩૦ હાલ રહે. ઔડાના મકાન થલતેજ મુળ રહે.નીઠાવા સીમલવાડા ડુંગરપુર રાજસ્તાન)ને સેકટર-૨૧ શાકમાર્કેટ પાસેથી પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ બોપલ વિસ્તારમાં વસંત બહાર સોસાયટી ખાતે મકાન નં.૮૮ માં એક દાયકા પહેલા કર્મવીર નોકરી કરતો હતો. જયારે તે જ સોસાયટી ખાતે મકાન નં.૬૯ માં રહેતા અને નોકરી કરતા ભરતભાઈ અને શંકરભાઈએ મકાન નં.૬૯ માં ચોરી કરી હતી. આ ચોરીમાં કર્મવીરનું પણ નામ સામે આવતા તે પોતે રાજસ્થાન વતનમાં જતો રહ્યો હતો.તે આજદિન સુધી નાસતો ફરતો હતો. જેથી પોલીસને બાતમી મળતા કર્મવીરને સેકટર-૨૧ શાકમાર્કેટ પાસેથી દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આજે અન્નપૂર્ણા મેકવાનના ચાર પુસ્તકોનું લોકાર્પણ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ઝેડ-કેડ તથા મેકવામ પરિવાર દ્વારા આગામી તા. ૨૭મી નવેમ્બર રવિવારે સાંજે ૪.૩૦ કલાકે શહેરના ચ-૫ સર્કલ પાસેના સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ઓડિટોરિયમ ખાતે એક સાથે ચાર પુસ્તકોના લોકાર્પણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ પદે ડો.કેશુભાઈ દેસાઈ, વિશેષ ઉપસ્થિતિ સ્વરૂપે રજનીકુમાર પંડ્યા, અતિથિ વિશેષ તરીકે રાઘવજી માધડ, અજયસિંહ ચૌહાણ અને અમિતાભ મેકવાન ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં અન્નપૂર્ણા મેકવાનના ચાર પુસ્તકો "તરસ, હમસફર, સરપ્રાઈઝ અને તુઝ સે નારાજ નહીં જિંદગી"નું લોકાર્પણ યોજાશે.

## સંવિધાન દિવસે બાબાસાહેબને પુષ્પાંજલી





સંવિધાન દિવસની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પર પુષ્પાંજલી અર્પવા ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર રીટાબેન પટેલ તથા ગાંધીગર દક્ષિણના ભાજપના ઉમેદવાર અલ્પેશ ઠાકોર પહોંચ્યા હતા અને સંવિધાન દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો.

## પીડીઈયુની જેની ગોસાઈને બેંગકોક ખાતે ટેકવાન્ડો સ્પર્ધામાં સિલ્વર મેડલ



ગાંધીનગરના ખેલાડીઓ વિવિધ રમતોમાં પોતાની પ્રતિભા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકાવી રહ્યાં છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાય એનર્જી યુનિવર્સિટીની વિદ્યાર્થીની જેની ગોંસાઈએ તાજેતરમાં થાઈલેન્ડના બેંગકોક ખાતે યોજાયેલી ટેકવાન્ડો સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને યુનિવર્સિટી સાથે ગાંધીનગરનું પણ ગૌરવ વધાર્યું છે જેની ગોંસાઈને યુનિવર્સિટી મેનેજમેન્ટ તેમજ સ્ટાફ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## દેવકરણના મુવાડા-કડજોદરા માર્ગ પરથી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા થી કડજોદરા જતા માર્ગ પરથી વિદેશી દારૂ ભરેલી ટ્રક પોલીસે પકડી પાડી છે. પોલીસે ટ્રકમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારુની બોટલો અને ટ્રક મળી કુલ રૂ.૫.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. જયારે ટ્રક ડ્રાઈવર પોલીસને ચકમો આપી જતો રહ્યો હોવાનુ સામે આવ્યું છે.

મળતી વિગત મુજબ વિધાનસભાની ચુંટણીને પગલે શહેરમાં દારૂની હેરાફેરી અટકાવવા માટે પોલીસ સતત કામગીરી કરી રહી છે. ત્યારે ગતરોજ પોલીસ પેટ્રોલીંગમા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે ટ્રક નં. આર.જે.૩૦.જી.એ.-૭૧૧૪ વિદેશી દારૂ ભરી કડજોદરા થી દહેગામ તરફ જવાનો છે. જેથી પોલીસે તે માર્ગ પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમીવાળી ટ્રક દેખાતા તેને રોકવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ ડ્રાઈવરે નાકાબંધી તોડી ટ્રક દહેગામ તરફ જવા માટે પુરઝડપે દોડાવી મુકી હતી.જેથી પોલીસે પણ ફિલ્મીઢબે પીછો શરુ કર્યો હતો. ત્યારે ટ્રક ચાલક દેવકરણના મુવાડા પાસે ટ્રક ઉભી રાખી નાસી ગયો હતો. પોલીસે ટ્રકમાં તપાસ કરતા રૂ.૩.૩૦ લાખનો વિદેશી દારૂ અને ટ્રક મળી કુલ રૂ.૫.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર ડ્રાઈવર સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પરિવર્તન પદયાત્રામાં દેખાયું "આમ આદમી"નું વધતુ જોર..!!



ગાંધીનગર, તા.૨૬

પંજાબના સ્વાસ્થ્ય અને આરોગ્ય મંત્રી ચેતનસિંઘ જોરેમાજરા અને ધારાસભ્ય હરમિતસિંઘ ધિલોન પઠાણમાજરાની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરમાં યોજાયેલી પરિવર્તન પદયાત્રામાં "આમ આદમી"નું ભારે જોર જોવા મળ્યું હતું. આમ આદમી પાર્ટી ગાંધીનગર દ્વારા સેકટર-૨૪ ખાતેથી પસાર થયેલી પદયાત્રા પ્રચાર અભિયાન દરમિયાન મોટી સંખ્યામાં સામાન્ય નાગરિકો ઉમટી પડ્યા હતાં. પરિવર્તન પદયાત્રામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો પણ જોડાયા હતાં. આજે તા.૨૬-૧૧-૨૦૨૨ના રોજ બપોરે ૩-૦૦કલાકે, ગાંધીનગરના સેકટર-૧૧ ખાતેના મધ્યસ્થ કાર્યાલયથી નીકળી આમ આદમી પાર્ટીના ગાંધીનગર ઉત્તર બેઠકના ઉમેદવાર મુકેશ પટેલના સમર્થનમાં યોજાયેલી પરિવર્તન પદયાત્રામાં પંજાબથી પ્રચાર માટે આવેલા પંજાબના સ્વાસ્થ્ય અને આરોગ્ય મંત્રી ચેતનસિંઘ જોરેમાજરા અને ધારાસભ્ય હરમિતસિંઘ ધિલોન પઠાણમાજરા પરિવર્તન પદયાત્રાને મળેલા આવકારથી હર્ષઘેલાં થયા હતા અને તેમણે આરોગ્ય વિષયક ઉત્તમ સુવિધાઓ માટે એક મોકો કેજરીવાલને આપવા હાકલ કરવા સાથે ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

### ઉમેદવારે ૧૦૮ બોલાવી ઇજાગ્રસ્તને સારવાર અર્થે ખસેડ્યો

## ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ પર બાઈક સવારને અજાણ્યા વાહને ટક્કર મારી

### દહેગામમાં પ્રચાર અર્થે નીકળેલા ઉમેદવારે પ્રચાર રોકી અકસ્માતગ્રસ્ત યુવકની મદદ કરી

ગાંધીનગર,તા.૨૬

વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી ઉમેદવારો હવે ગામડાઓ ખૂંદી રહ્યા છે ત્યારે ઉમેદવારો પાસે ભોજન કરવા શુદ્ધાનો સમય રહેતો નથી તો બીજી તરફ રાત થોડી અને વેશ ઝાઝા હોય એમ દહેગામ વિધાનસભા વિસ્તારના તમામ મતદારો સુધી પહોંચવા માટે ઉમેદવારો દિવસ રાત એક કરી રહ્યા છે તેવામાં ગઈ રાત્રે દહેગામ ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ પર એક અકસ્માત ગ્રસ્ત યુવકને જોતા એક ઉમેદવારે પ્રચાર કાર્ય થંભાવી ઈજાગ્રસ્ત યુવકની મદદ કરી મતદારોના સંપર્ક કરતા માનવીય ફરજ ને પ્રાધાન્ય આપ્યું હતું થોડાક દિવસ અગાઉ એક મહિલા ઉમેદવારે પણ આ જ રીતે અન્ય એક અકસ્માત ગ્રસ્તની મદદ કરી હતી.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ગત રાત્રે દહેગામથી ઉત્કંઠેશ્વર મહાદેવ જવાના રોડ પર આવેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પાસે થી પસાર થઈ રહેલ એક બાઈક ચાલક યુવકને કોઈક અજાણ્યા વાહને ટક્કર મારી હતી અને વાહન ચાલક નાસી છૂટ્યો હતો.

તો વળી રાતનો સમય હોવાથી આ રસ્તા પર ટ્રાફિક પણ નહીંવત હતો જેને કારણે ઈજાગ્રસ્ત બાઈક સવાર ઘટના સ્થળે જ ઘાયલ હાલતમાં કણસી રહ્યો હતો તે દરમિયાન દહેગામ વિધાનસભા સીટ પરથી લડી રહેલા કોંગ્રેસના ઉમેદવાર વખત સિંહ ચૌહાણ તેમના કાર્યકરો સાથે વાહનોનો કાફલો લઈ પ્રચાર અર્થે નીકળ્યા હતા ઘટના સ્થળે પહોંચતા જ તેમણે ઈજાગ્રસ્તને જોતા જ વાહનો થાંભાવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ ને બોલાવી ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે ખસેડ્યા બાદ પ્રચાર કાર્ય માટે નીકળ્યા હતા.

તો આ જ રસ્તા પર બે ત્રણ દિવસે પૂર્વે બનેલી આવી જ એક ઘટનામાં દહેગામ વિધાનસભા સીટ પર ગરવી ગુજરાત પાર્ટીમાંથી લડી રહેલા ઉમેદવાર રૂપલબા ચૌહાણ પણ પ્રચાર અર્થે નીકળ્યા હતા ત્યારે તેમણે પણ આ જ રસ્તા પર એક અકસ્માત જોયો હતો. તેમણે તથા તેમના સાથી કાર્યકરોએ તરત જ પ્રચાર કાર્યને બદલે માનવતાને પ્રાધાન્ય આપતા પ્રચાર કાર્ય અટકાવી ઘાયલોની મદદ કરવાનું મુનાસિબ માન્યું હતું. અને એક ઘાયલ ને તો રક્તસ્રાવ અટકાવવા માટે તેમણે તેમનો પાલવ ફાડી પાટો પણ બાંધ્યો હતો. અને ઘાયલોને સારવાર અર્થે ખસેડવામાં મદદરૂપ થયા હતા.


## સેન્ટ્રલ રેલ્વે

**રેલ્વે રીક્રુટમેન્ટ સેલ**

સીપીએમ કન્વર્ઝન ઓફિસ બિલ્ડીંગ, પી.ડીમેલો રોડ, વાડીબંદર, મુંબઈ-૪૦૦૦૧૦

**નિર્દેશાત્મક સૂચના**

એમ્પ્લોયમેન્ટ નોટિસ No.RRC/CR/03/2022

| | |
|---|---|
| સ્લોટ ઓપનીંગ: | તારીખ અને સમય : ૨૮/૧૧/૨૨ ૧૦.૦૦કલાકે |
| સ્લોટ ક્લોઝીંગ: | તારીખ અને સમય : ૧૨/૧૨/૨૨ ૧૮.૦૦કલાકે |

સેન્ટ્રલ રેલ્વે પાત્રતા ધરાવતાં ઉમેદવારો પાસેથી કલ્ચરલ ક્વોટા વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઓનલાઈન આવેદનપત્રો આમંત્રિત કરે છે.

| ક્રમ નં. | લેવલ અને સ્કેલ | કલ્ચરલ ક્ષેત્રનું નામ | પોસ્ટની સંખ્યા |
|---|---|---|---|
| ૦૧ | ૨(ગ્રુપ-સી) (19900-63200) | હિન્દુસ્તાની લાઈટ વોકલ(પુરુષ) | ૦૧ |
| ૦૨ | | એક પોસ્ટ હિન્દુસ્તાની ઈન્સ્ટ્રુમેન્ટ પ્લેયર (સીતાર/સરોદ/સારંગી) અથવા વેસ્ટર્ન ઈન્સ્ટ્રુમેન્ટ પ્લેયર (ગીટાર/કીબોર્ડ/સિન્થેસાઈઝર/ફ્લુટીસ્ટ) | ૦૧ |

વિગતવાર જાહેરાત માટે કૃપા કરીને RRC/CRની વેબસાઈટ www.rrccr.com જુઓ, ૨૬/૧૧/૨૦૨૨થી નોટીફીકેશન ઉપલબ્ધ

તારીખ: ૨૬/૧૧/૨૦૨૨

ચેરમેન RRC/CR

રેલ મદદ હેલ્પલાઈન 139 VAPL/601